**મે. સુરતના નવમાં અધીક સીવિલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં**

ફોજદારી કેસ નં.:૭૦૮૬૮/૨૨

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપીઓ : (૧)વિજય શમજીભાઈ બારૈયા

(૨) નારાણભાઈ મંગાભાઈ ધુમડીયા

(૩)જેન્તીભાઈ બેચરભાઈ ચૌહાણ

**ગુન્હો : જુગારધારા ની કલમ ૧૨ મુજબનો**

**::– આંક –૧ હેઠળ હુકમ –::**

ફરીયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ઉપરોક્ત ગુનાનું તહોમતનામું છે. આરોપીઓ અદાલતમાં હાજર થતાં આરોપીઓ ને પોલીસ પેપર્સ ની નકલો આપ્યા બાદ તેઓ પોતાનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે મુજબની **આંક–૩** કબુલાત પુરસીસ રજુ કરતા તેની સામેના ગુના અંગે **આંક – ૦૪ થી ૬**પ્લી રેકર્ડ કરી ગુનાની હકીકત વાંચી, સંભળાવી સમજાવતા આરોપીઓ એ સદર ગુના સ્વખુશીથી કબુલ કરેલ છે. જેથી આરોપીની આ કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. જેથી આરોપીઓ ને તેની સામેના સદર ગુના અંગે ગુનેગાર ઠરાવી સજા અંગે પુછતા આરોપી જણાવે છે કે, પોતે ગરીબ માણસ છે. આ પ્રથમ ગુનો છે. થયેલ ભુલ બદલ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભુલ નહી થાય તેની ખાત્રી આપે છે. તેમજ પોતાને ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ ગુજારેલ છે. જે તમામ સંજોગો તથા કેસની હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ ન્યાય ના હિતમાં કરવામાં આવે છે.

**::- આખરી ચુકાદો -::**

**૧)** આ કામના આરોપીઓ ને ક્રિમી. પ્રોસી. કોડની કલમ – ૨૫૨ હેઠળ જુગારધારાની કલમ–૧૨ અન્વયે તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** આ કામે આરોપીઓએ **આંક–૦૭** થી નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. આ કામે વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો કબજે કરવામાં આવેલ રોકડ રકમને અપીલ સમય વિત્યા બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ રોકડ રકમ સિવાય અન્ય વેલ્યુએબલ મુદ્દામાલ હોય તો અપીલ સમય વિત્યા બાદ તેની

હરાજી કરી તેમાંથી ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩)** હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશન તેમજ નાઝરશ્રીને યાદી કરવી.

હુકમ આજ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય–લોકઅદાલત સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.: ૧૧/૦૨/૨૦૨૩

સ્થળ: સુરત

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
૦૯માં અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત
(GJ01609)